For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

**પોલીસના લુલા બચાવમાં પોલીસ : ઢોર માર માર્યાના આક્ષેપ પછી પોલીસે યુવક સામે ફરિયાદ નોંધી**

# વડોદરામાં પોલીસને વર્દી ઉતારવાની ધમકી, પોલીસે ફરજમાં રૂકાવટનો ગુનો નોંધ્યો

**વડોદરામાં** ખાખીનો અત્યાચાર પછી ‘સત્યાગ્રહ’!

**ઢોર** મારનો વીડિયો નહીં, હવે કાગળો બોલશે



(પ્રતિનિધિ) વડોદરા, તા. 4
વડોદરામાં ટ્રાફિક પોલીસ દ્વારા બુલેટ ચાલક યુવક પર થયેલા અમાનુષી અત્યાચાર બાદ હવે આખું પ્રકરણ “કાયદાની ચોપડી”માં ફેરવી દેવાનો પ્રયાસ શરૂ થયો છે.

રસ્તા પર લાતો, કચેરીમાં લાકડીઓ અને શરીર પર લાલ ચકામા–આ બધું તો ગૌણ થયું; હવે મુખ્ય મુદ્દો એ છે કે યુવક પાસે નંબર પ્લેટ નહોતી, મોડીફાઈ સાઈલેન્સર હતું, લાયસન્સ નહોતું અને તેણે ખાખીને ચાવી ન આપી!

એટલે કે, ઢોર માર ખાવાનો ‘કાનૂની હક’ તેણે જાતે કમાઈ લીધો–એવો લુલો બચાવ ઉચ્ચ અધિકારીઓ તરફથી સામે આવ્યો છે. પોલીસે પોતાના બચાવમાં વીડિયો અને એસએસજી હોસ્પિટલના ડોક્ટરના યુવકને ” ગંભીર” ઈજા થઈ નહીં હોવાના રિપોર્ટ પણ જારી કર્યા છે. B

વડોદરા નર્સિંગ હોમ ચાર રસ્તા પાસે ઉભેલા યુવકને પહેલા રોકાયો, પછી રકઝક, પછી ઝપાઝપી અને અંતે સયાજીગંજ ટ્રાફિક કચેરી સુધી ખેંચી લઈ જવામાં આવ્યો. યુવકના શરીર પર પડેલા લાલ ચકામા, પ્રાઈવેટ પાર્ટમાં થયેલી ઈજાઓ અને એસએસજીમાં કરાવેલી સારવાર–આ બધું જાણે અકસ્માતે થઈ ગયું હોય તેમ અધિકારીઓ કહે છે કે “કોઈ ગંભીર ઈજા દેખાતી નથી”. કદાચ હવે ગંભીર ઈજા માપવાનું મીટર પણ ટ્રાફિક શાખા પાસે જ હશે! સામે ઝપાઝપીમાં કોન્સ્ટેબલના હાથમાં થયેલો ઊઝરડો જાણે બહુ મોટો હોય તેવું ચિત્ર ઊભું કરાયું છે.

ટ્રાફિક પોલીસની ફરિયાદ મુજબ યુવકે સરકારી ફરજમાં રૂકાવટ કરી, ગાળો આપી, ઝપાઝપી કરી અને પરિવારજનોએ વર્દી ઉતારવાની ધમકી આપી. એટલે આખું પલડું હવે એક તરફ–યુવક આરોપી, પોલીસ પીડિત! રસ્તા પર લાકડી કોણે ચલાવી? કચેરીમાં લાતો કોણે મારી? એ પ્રશ્નો હવે ફાઈલના તળિયે દફન થઈ ગયા છે.

ડીસીપી ઝોન-2 દ્વારા આપવામાં આવેલા નિવેદનમાં પણ “કાયદાકીય ભંગ”નું રટણ છે–નંબર પ્લેટ નથી, સાઈલેન્સર મોડીફાઈ છે, લાયસન્સ નથી. એટલે હવે ચર્ચા એ નથી કે ટ્રાફિક પોલીસે સીમા વટાવી કે નહીં, ચર્ચા એ છે કે કેટલા ગુના ઠોકી શકાય! યુવકના ભાઈ સામે કેટલાક ગુના હોવાનું પણ પોલીસે રટણ કર્યું હતું.

આ ઘટનાએ એક મોટો પ્રશ્ન ઉભો કર્યો છે–વડોદરામાં કાયદો રસ્તા પર ચાલે છે કે લાકડી પર? ટ્રાફિક નિયમ તોડ્યા હોય તો દંડ છે, મેમો છે, કોર્ટ છે. પરંતુ શું દરેક ઉલ્લંઘનનો જવાબ ઢોર મારથી આપવો એ નવી ટ્રાફિક પોલિસી બની ગઈ છે?

આજે યુવક આરોપી બનાવાયો છે, કાલે કોઈ સામાન્ય નાગરિક બનશે. ફરક એટલો જ રહેશે કે લાકડી કોના હાથમાં છે.

ખાખીનું સન્માન કાયદાથી થાય છે, લુલા બચાવથી નહીં–આ વાત કદાચ ફાઈલોમાં નથી લખાયેલી.

આજે પોલીસની વાતોમાં પણ વિરોધાભાસ જોવા મળ્યો હતો, એક તરફ ડીસીપી વણઝારાએ યુવાન સાથે માત્ર સામાન્ય ઝપાઝપી થઈ હોવાનું કહ્યું જ્યારે એસીપી વ્યાસે યુવકને દંડાં માર્યાનું કબૂલ્યું હતું, હવે સાચું કોણ એ તો કોર્ટ જ નક્કી કરશે.

### પોલીસે યુવક સામે આ ગુના નોંધ્યા

**ફરિયાદી (Complainant):**
કિરણભાઈ ગોબરભાઈ જોગદીયા
(પદ: પોલીસ કોન્સ્ટેબલ, ટ્રાફિક પશ્ચિમ શાખા, વડોદરા)

**આરોપી (Accused):**
કૌશલ વિરેન્દ્રસિંહ જાટ
રહે. આમ્રપાલી રેસીડન્સી, બાજવા રોડ, વડોદરા



**ઘટનાસ્થળ:**
નર્સિંગ હોમ ચાર રસ્તા, વડોદરા
પછી સયાજીગંજ ટ્રાફિક શાખાની કચેરી

**ઘટનાની તારીખ:**
3 જાન્યુઆરી

**ફરિયાદનો મુદ્દો:**
- બુલેટ મોટરસાયકલ પર આગળ-પાછળ નંબર પ્લેટ ન હોવી
- મોડીફાઇ સાઇલેન્સર લગાવેલું હોવું
- ડ્રાઇવિંગ લાયસન્સ તથા વાહનના દસ્તાવેજ ન હોવા
- ટ્રાફિક પોલીસની સરકારી ફરજમાં રૂકાવટ
- પોલીસ સાથે ઝપાઝપી, બોલાચાલી અને ગાળો બોલવી
- પોલીસ અધિકારી અને કર્મચારીઓને વર્દી ઉતારી દેવાની ધમકી

**પોલીસ કાર્યવાહી:**
- આરોપી વિરુદ્ધ ટ્રાફિક નિયમોના ભંગ અને સરકારી ફરજમાં રૂકાવટ સહિત ચારથી પાંચ કલમ હેઠળ ગુનો નોંધાયો
- રાવપુરા પોલીસ સ્ટેશનમાં કેસ નોંધાયો

### ટ્રાફિક પોલીસ દ્વારા યુવકની ગેરકાયદે અટકાયત કરાઇ છે

કાયદાના નિષ્ણાંત એવા એડવોકેટ ભાવિન વ્યાસે જણાવ્યું હતું કે બુલેટ ચાલક યુવકને રાવપુરા પોલીસ સ્ટેશનમાં લઇને ત્યાં ગુનો દાખલ કરવો જોઇતો હતો. પરંતુ સયાજીગંજ પોલીસે ખોટી રીતે યુવકની ગેરકાયદે ગોંધી રાખ્યો હતો તે ક્રિમિનલ ગુનો કહેવાય. જો યુવક લડવા માટે સક્ષમ હોય તો હુ કોર્ટમાં પણ પડકારવા પણ તૈયાર છુ. આ કેસમાં પોલીસ અધિકારી અને કર્મચારીઓ સસ્પેન્ડ પણ થઇ શકે છે. બંધારણમાં જોગવાઇ છે કે કોઇ વ્યક્તિને આ રીતે ગોંધી રાખી શકાય નહી, જો યુવક હાઇકોર્ટમાં જાય તો વડોદરા પોલીસને નુક્સાન થાય છે. પોલીસની કરતુત પર ઢાક પિછોડો કરવા તેમજ પોતાના બચાવ માટે યુવક વિરુદ્ધ એફઆઇઆર દાખલ કરાઇ છે. ટ્રાફિક પોલીસને કોઇને કસ્ટડીમાં લેવાનો અધિકાર નથી.

**મારી કંપની, મારો કાયદો કહી શ્રમિકોને નોકરીમાંથી કાઢી મુકવાની ધમકી અપાતી હોવાનો આક્ષેપ**

# GSFCમાં શ્રમિકોનું શોષણ? ઓવરટાઈમના કલાકો કાપી લેવાતા હોવાનો વીડિયો વાયરલ

યોગ્ય તપાસ કરી પગલાં લેવામાં આવે તેવી માંગ ઉઠી



(પ્રતિનિધિ) વડોદરા, તા.4
વડોદરા સ્થિત ગુજરાત સ્ટેટ ફર્ટિલાઈઝર્સ એન્ડ કેમિકલ્સ લિમિટેડ (GSFC) માં કોન્ટ્રાક્ટ હેઠળ કામ કરતા શ્રમિકો સાથે અન્યાય થતો હોવાનો ગંભીર મામલો સામે આવ્યો છે. શ્રમિકોના ઓવરટાઈમના કલાકો કાપી નાખવામાં આવતા હોવાના આક્ષેપ સાથેનો એક વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થતા ચકચાર મચી ગઈ છે.

વાયરલ થયેલા વીડિયોમાં એક શ્રમિક સ્પષ્ટપણે જણાવી રહ્યો છે કે, કંપનીમાં કામ કરતા શ્રમિકોના ઓવરટાઈમ કાપવા માટે તેમના પર દબાણ કરવામાં આવી રહ્યું છે. શ્રમિકે પોતાના અને અન્ય સાથીદારોના ઓવરટાઈમના કલાકો કાપવામાં આવ્યા હોવાના પુરાવા પણ દર્શાવ્યા છે. એટલું જ નહીં, વીડિયોમાં એવો પણ આક્ષેપ કરવામાં આવ્યો છે કે જ્યારે શ્રમિકો પોતાના હક માટે રજૂઆત કરે છે, ત્યારે તેમને સોમવારથી કામે આવવાની જરૂર નથી. તેવી ધમકીઓ આપી નોકરીમાંથી છૂટા કરી દેવાનું કહેવામાં આવે છે. વીડિયોમાં સાંભળવા મળતી વિગતો મુજબ, જવાબદાર વ્યક્તિઓ દ્વારા મારી કંપની, મારો કાયદો કહીને શ્રમિકોના અવાજને દબાવવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. આ પ્રકારની જોહુકમી સામે શ્રમિકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. જીએસએફસી જેવી મોટી કંપનીમાં કોન્ટ્રાક્ટ શ્રમિકોના હિતોનું રક્ષણ કરવામાં તંત્ર નિષ્ફળ રહ્યું હોવાનું ચિત્ર ઉપસી રહ્યું છે.

હવે આ મામલે જવાબદાર અધિકારીઓ અને તંત્ર જાગે અને શ્રમિકોને તેમના મહેનતાણાના પૂરેપૂરા નાણાં મળે તે માટે યોગ્ય તપાસ કરી પગલાં લેવામાં આવે તેવી માંગ ઉઠી છે.

**એસઓજીએ દોરો તોડીને જોતા 9-12ના બદલે ચાર તારવાળી દોરી નીકળી**

# માંડવી વિસ્તારમાંથી 9 અને 12 તારની ડુપ્લિકેટ રીલ વેચતો વેપારી ઝડપાયો

સયાજીગંજ, કપુરાઇ અને ગોરવામાં પ્રતિબંધિત દોરી સહિતની વસ્તુ વેચનાર સામે જાહેરનામાં ભંગનો દાખલ



(પ્રતિનિધિ) વડોદરા, તા.4
વડોદરા શહેરના માંડવી વિસ્તારમાંથી એસઓજી પોલીસે 9 અને 12 તારની જગ્યા પર 4 તારની દોરીનું વેચાણ કરતા વેપારીને ઝડપી પાડ્યો હતો. તેની પાસેથી 916 રીલ મળી રૂ. 7.27 લાખનો મુદ્દામાલ કબજે કરાયો છે. જ્યારે કપુરાઈ, ગોરવા તથા સયાજીગંજ પોલીસે પણ પ્રતિબંધિત દારી સહિતનું વેચાણ કરનાર લોકો સામે સપાટો બાલાવ્યો છે. એસઓજી પીઆઈ એસ.ડી.રાતડાની સુચના મુજબ અલગ અલગ ટીમ શહેરી વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતી અને જુદા જુદા વિસ્તારોમાં ચાઈનીઝ તુક્કલ, ચાઈનીઝ દોરાના ચેકિંગ કરતા હતા ત્યારે બાતમી મળી હતી કે માંડવી રાજપરાની પોળમા ગુલામમોહમદ રેજેવાલાના ભાડાના મકાનમાં મોહંમદ મકસુદ કલકત્તાવાલા સાંકળ આંઠ, પાન્ડા, એકે-56ના માર્કાવાળા અલગ અલગ કંપનીના પતંગના દોરાનું વેચાણ કરે છે. જે દોરામા લેબલમા જણાવેલા તાર કરતા ઓછા તારવાળા દોરા રાખી ગ્રાહકોને છેતરે છે. જેના આધારે એસઓજીની ટીમે રેડ કરી હતી ત્યારે મોહંમદ મસૂદ મોહંમદ કાસીમ કલકત્તાવાલા ઝડપાઈ ગયો હતો. જેથી તેને સાથે રાખીને તપાસ કરતા તેની પાસેથી દોરાના 916 રીલ મળી આવી હતી. જેથી એસઓજીએ મોહંમદ મસૂદ મોહંમદ કાસીમ કલકત્તાવાલાની ધરપકડ કરી હતી જ્યારે સમસુ ખોજા (રહે. અમદાવાદ કાલુપુર પતંગની દુકાનનો વેપારી)ને વોન્ટેડ જાહેર કર્યો છે. તેની પાસેથી પતંગના દોરાની નવ તાર અને બાર તારના લેબલવાળી દોરાની રીલો નંગ 916 રૂ.7.27 લાખનો મુદ્દામાલ કબજે કરાયો છે. તેવી જ રીતે શહેરના કપુરાઈ વિસ્તારમાં પોલીસની ટીમ પેટ્રોલીંગમાં હતી તે દરમ્યાન મળેલી બાતમીના આધારે પોલીસે સોમાતળાવ બ્રિજ પાસે સર્વિસ રોડ પર ચાઈનીઝ રીલ લઈને યુવક જઈ રહ્યો પોલીસે તેને ચેક કરતા આ ભાવેશ બારીયા (રહે.સોમતળવા) પાસેથી 15 જેટલા ચાઈનીઝ દોરીના રીલ મળી આવી હતી. ગોરવા પોલીસે પણ આ તહેવારને લઈ દુકાનો પર ચેકીંગ કરતા સંતોષનગર પાસે આવેલી હરસિદ્ધિ રીલ સેન્ટરમાં રણજીતભાઈ રાજેન્દ્રભાઈ પરમાર (રહે.સુભાનપુરા) પાસેથી પ્રતિબંધિત કાચનો એક કિલો જથ્થો અને ફિરકી મળી આવી છે. જેથી રમજીત પરમાર વિરુદ્ધ જાહેરનામાં ભંગનો ગુનો નોંધવામાં આવ્યો છે. તેવી જ રીતે સયાજીગંજ પોલીસે પણ વિવિધ દુકાનોમાં સરપ્રાઈઝ ચેકીંગ કરી નટરાજ ટાઉનશિપ પાસે રાજુ માંજાની દુકાનમાં જઈ તપાસ કરતા યુવક દોરો માંજવાનું કામ કરતો હતો. જેમાં કાચ વાળો માંજો મળી આવતા પોલીસે હિતેશ રાજુ ધનાવડે વિરુદ્ધ જાહેરનામા ભંગનો ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

### ચાઇનીઝ દોરી પર્યાવરણ અને મનુષ્યો તેમજ પશુ-પક્ષીઓ માટે અત્યંત ઘાતક

ઉત્તરાયણના તહેવારને ધ્યાનમાં રાખીને વડોદરા શહેર પોલીસ દ્વારા તકેદારીના ભાગરૂપે કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. શહેરમાં ચાઈનીઝ દોરી અને તુક્કલના વેચાણ અને ઉપયોગ પર પ્રતિબંધ હોવા છતાં તેનું ગુપ્ત વેચાણ ન થાય તે હેતુથી આજે શહેરના મુખ્ય પતંગ બજાર એવા માંડવી વિસ્તારમાં વાડી પોલીસ સ્ટેશનની ટીમ દ્વારા સઘન ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. વાડી પોલીસ સ્ટેશનના અધિકારીઓ અને સ્ટાફની ટીમે માંડવી ખાતે આવેલ પતંગ બજારમાં દુકાને-દુકાને ફરીને વેપારીઓને તપાસ્યા હતા. આ ચેકિંગ દરમિયાન કાયદાના અમલની સાથે સાથે જાગૃતિ અભિયાન પણ ચલાવવામાં આવ્યું હતું. પોલીસ ટીમે પતંગ અને દોરાનું વેચાણ કરતા તમામ વેપારીઓને સ્પષ્ટ શબ્દોમાં ચાઇનીઝ દોરી (સિન્થેટિક કે નાયલોનની દોરી) અને ચાઇનીઝ તુક્કલનું વેચાણ ન કરવા માટે કડક સૂચના આપી હતી. વેપારીઓને ચેતવણી આપવામાં આવી હતી કે આ પ્રતિબંધિત વસ્તુઓનું વેચાણ કરતા પકડાશે તો તેમની સામે કાયદેસરની કડક કાર્યવાહી કરવામાં આવશે. ચાઇનીઝ દોરી પર્યાવરણ અને મનુષ્યો તેમજ પશુ-પક્ષીઓ માટે અત્યંત ઘાતક સાબિત થઈ છે, જેને કારણે તેના વેચાણ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. વાડી પોલીસની આ પહેલથી વેપારીઓમાં કાયદાના પાલન અંગે જાગૃતિ ફેલાઈ છે અને પ્રતિબંધિત વસ્તુઓનું વેચાણ રોકવામાં મદદ મળશે. પોલીસ દ્વારા ઉત્તરાયણ સુધી આ પ્રકારનું ચેકિંગ અને જાગૃતિ અભિયાન શહેરના અન્ય વિસ્તારોમાં પણ ચાલુ રાખવામાં આવશે.

**ધીંગાણું મચાવનાર 3 પશુપાલકોની ધરપકડ, અન્ય ત્રણ વોન્ટેડ**

# આંતરિક વિવાદમાં જાહેરમાં દંડા વડે હુમલો કરનાર 6 પશુપાલક સામે ગુનો દાખલ

**જાહેરમાં** મારામારીનો વીડિયો વાઇરલ થતા મકરપુરા પોલીસ એક્શનમાં આવી



(પ્રતિનિધિ) વડોદરા, તા.4
વડોદરા શહેરના સોમાતળાવ બ્રિજથી તરસાલી તરફ જતા રોડ પર તાજેતરમાં જાહેરમાં કેટલાક પશુપાલકો ડાંગો લઈ સામસામે આવી ગયાં હતા અને ભારે ધીંગાણું મચાવ્યું હતું. આ માથાભારે પશુપાલકોનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો હતો. જેથી મકરપુરા પોલીસ એક્શનમાં આવી હતી અને કાયદાના લીરેલીરા ઉડાવનાર 6 પશુપાલકો સામે ગુનો દાખલ કર્યો હતો અને 3 લોકોની અટકાયત કરી છે. ઉલ્લેખનીય છે કે જાહેરમાં દંડ, ધોકાથી હુમલો કરીને ભયનું માહોલ ઉભો કર્યો હતો. તાજેતરમાં સોમાતળાવ બ્રિજથી તરસાલી તરફ જતા રોડ પર કેટલાક પશુપાલકો વચ્ચે કોઈ કારણોસર ઝઘડો થતા જાહેર રસ્તા પર મારામારી કરવા લાગ્યાં હતા ત્યારબાદ હુમલાખોરોએ બુમરાણ મચાવીને લાકડીઓ વડે સામસામે હુમલો કરવા લાગ્યાં હતા.

જેનો વિડીયો સોશિયલ મીડિયા પર વાઈરલ થઈ ગયો હતો. ભરવાડ સમાજના સંબંધીઓ વચ્ચે અંદરોઅંદરના વિવાદને કારણે ઝઘડો થયો હતો.વાઈરલ વીડિયોના આધારે મકરપુરા પોલીસે હુમલાખોર 6 પશુપાલક લાલા ભરવાડ, કવા વાહા ભરવાડ,ભાથુ વાહા ભરવાડ, દેહુર વાહા ભરવાડ, રાકેશ કાળુ ભરવાડ અને ભરત કાળુ ભરવાડ ગુનો દાખલ કર્યો છે. જેમાંથી કવા ભરવાડ, બાથુ ભરવાડ તથા રાકેશ ભરવાડ(રહે. સંતોષવાડી, દંતેશ્વર) ઝડપાઈ ગયા હતા જ્યારે બાકીના ત્રણને વોન્ટેડ જાહેર કર્યા છે. પોલીસે માથાભારે પશુપાલકોને કાન પકડાવી ઉઠક બેઠક કરાવી કાયદાના પાઠ ભણાવ્યાં હતા.

**દબાણકારોમાં ફફડાટની લાગણી વ્યાપી**

# ચાર દરવાજા વિસ્તારમાં દબાણ હટાવવાની મેગા ડ્રાઈવ, એક ટ્રક સામાન જપ્ત



(પ્રતિનિધિ) વડોદરા, તા.4
વડોદરા શહેરના વોર્ડ નંબર 14ના વોર્ડ ઓફિસર મહેશ રબારીના સીધા આદેશથી દબાણ શાખાની ટીમે પોલીસ બંદોબસ્ત સાથે સંયુક્ત ઓપરેશન પાર પાડ્યું હતું. વડોદરા મહાનગરપાલિકાની દબાણ શાખાની ટીમે સિટી પોલીસ સ્ટેશનના સ્ટાફને સાથે રાખીને ચાર દરવાજા વિસ્તારમાં સવારથી જ દબાણ હટાવવાની કામગીરી શરૂ કરી હતી.

આ મેગા ડ્રાઈવ દરમિયાન ગેરકાયદેસર રીતે રસ્તા પર ઊભી રાખવામાં આવેલી લારીઓ, પાથરણાં તેમજ અન્ય પરચુરણ માલ-સામાનનો મોટો જથ્થો જપ્ત કરવામાં આવ્યો હતો. આશરે એક ટ્રક ભરાઈ એટલો દબાણનો સામાન જપ્ત કરવામાં આવ્યો હતો. ચાર દરવાજા વિસ્તારમાં સતત ટ્રાફિકની સમસ્યા રહેતી હોય છે, અને તેમાં ગેરકાયદેસર દબાણોને કારણે રાહદારીઓ તેમજ વાહનચાલકોને ભારે અગવડ પડતી હતી.

આ ફરિયાદને ધ્યાનમાં રાખીને વહીવટી તંત્ર દ્વારા આ આકરાં પગલાં લેવામાં આવ્યા છે. વોર્ડ ઓફિસર મહેશ રબારીએ જણાવ્યું હતું કે, “જાહેર માર્ગો પરના દબાણો સાંખી લેવામાં નહીં આવે. શહેરના નાગરિકોને સરળતાથી અવરજવર મળી રહે તે માટે આ કાર્યવાહી કરવામાં આવી છે. આ પ્રકારની કામગીરી ભવિષ્યમાં પણ ચાલુ રહેશે.

**ફ્રોડ કરી 50 લાખ રૂપિયા ટ્રાન્સફર કર્યા**

# સરકારની રૂ.2500 સહાયની લાલચ આપી ‘મ્યૂલ એકાઉન્ટ’ કૌભાંડ

12 ખાતા ખોલાવી સાયબર ફ્રોડના 50.01 લાખ ફેરવ્યા, બાપોદ પોલીસની તપાસમાં મોટો ખુલાસો

(પ્રતિનિધિ) વડોદરા, તા.11
વાઘોડિયા રોડ વિસ્તારમાં આવેલા માજીનગરમાં રહેતી જોત્સનાબેન રાયમલભાઈએ બાપોદ પોલીસ સ્ટેશનમાં અરજી આપતા સમગ્ર કૌભાંડનો પર્દાફાશ થયો હતો. અરજી મુજબ, નીતીન રાજપુત અને હની સિંધી નામના બે શખ્સોએ નવેમ્બરથી ડિસેમ્બર 2025 દરમ્યાન મહિલાઓ અને અન્ય લોકોને સરકાર દ્વારા સહાય આપવામાં આવે છે તેમ કહી દાંડિયા બજાર સ્થિત ઈન્ડિયન ઓવરસીસ બેંકમાં ખાતા ખોલાવ્યા હતા. આ ખાતા ખોલાવતી વખતે આરોપીઓ ગ્રાહકોને ભુતડીઝાંપા વિસ્તારમાંથી નવા સીમકાર્ડ ખરીદાવી આપતા હતા અને આધાર કાર્ડ તથા પાનકાર્ડ જેવા દસ્તાવેજો લઈ ખાતું ખોલાવવાનું કામ કરાવતા હતા. ખાતા ખોલાયા બાદ આરોપીઓ ખાતાધારકો પાસેથી પાસબુક, ચેકબુક અને એટીએમ કાર્ડ લઈ લેતા હતા. ત્યારબાદ તેમને એટીએમમાં લઈ જઈ પીન જનરેટ કરાવી માત્ર 2500 રોકડ આપી દેતા હતા. પોલીસ તપાસમાં ખુલ્યું છે કે આ 12 ખાતાઓમાં નવેમ્બર-ડિસેમ્બર 2025 દરમ્યાન આશરે 50.01 લાખના ટ્રાન્ઝેક્શન થયા હતા. આ તમામ રકમ સાયબર ફ્રોડથી મેળવવામાં આવેલી હતી અને યુપીઆઈ મારફતે અલગ અલગ ખાતાઓમાં ટ્રાન્સફર કરી લેવામાં આવી હતી. વધુમાં, એનસીઆરપી (નેશનલ સાયબર ક્રાઈમ પોર્ટલ) પર તપાસ કરતાં 12માંથી 4 ખાતાઓ સામે અગાઉથી સાયબર ફ્રોડની ફરિયાદો નોંધાયેલી હોવાનું પણ સામે આવ્યું છે. પોલીસે તપાસ દરમિયાન નીતીન શીવમંગસિંહ ભદોરીયા ઉર્ફે નીતીન રાજપુત (રહે. વાઘરીવાસ, જોગણીમાતા મંદિર પાસે, વારસીયા) તથા હર્ષ રવિ ગુરબક્ષાની ઉર્ફે હની સિંધી (રહે. મીરાનગર, હરણી-વારસીયા રિંગ રોડ)ની સંડોવણી હોવાનું જાહેર કર્યું છે. બંને આરોપીઓ બેંકની બહાર ઉભા રહી ખાતાધારકોને અંદર મોકલતા હતા અને ખાતું ખોલાયા બાદ તમામ બેંક કીટ પોતાના કબજામાં લઈ લેતા હતા. બાપોદ પોલીસે ઈન્ડિયન ઓવરસીસ બેંકમાંથી તમામ 12 ખાતાના સ્ટેટમેન્ટ મેળવી તપાસ શરૂ કરી છે અને સાયબર ક્રાઈમ વિભાગ સાથે સંકલન કરી વધુ ગુનેગારો સુધી પહોંચવાની કાર્યવાહી હાથ ધરી છે. પોલીસે નાગરિકોને ચેતવણી આપી છે કે કોઈપણ પ્રકારની સરકારી સહાયના નામે જો કોઈ વ્યક્તિ બેંક ખાતા ખોલાવવા અથવા દસ્તાવેજો માગે તો સતર્ક રહેવું અને તરત પોલીસને જાણ કરવી.

**એકબીજા પર બંને પક્ષના લોકોનો તલવાર સહિતના હથિયારોથી હુમલો, પથ્થરમારો પણ કર્યો**

# લાલબાગ બ્રિજ નીચે પથ્થર મારો સિકલીગર જુથ્થ વચ્ચે મારામારી થતા તલવારો ઉછળી

પોલીસ તાત્કાલિક સ્થળ પર પહોંચી સ્થિતિ પર કાબૂ મેળવી લીધો, ઇજાગ્રસ્તો સારવાર માટે ખસેડ્યાં

(પ્રતિનિધિ) વડોદરા, તા.4
વડોદરા શહેરના લાલબાગ બ્રિજ નીચે એક જ કોમના બે જૂથ વચ્ચે કોઈ કારણોસર તકરાર થતા માથાભારે તત્વો સામસામે આવી ગયાં હતા અને જાહેરમાં તલવારો ઉડી હતી. ઉપરાંત ટોળાએ એકબીજા પર પથ્થરો પણ કર્યો હતો. પોલીસ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગઇ હતી અને સ્થિતિ અંકુશ મેળવી લેવામાં આવ્યો હતો. જેમાં અનેક લોકો ગંભીર રીતે ઘવાયાં હોય 108 ઈમરજન્સી વાનમાં તાત્કાલિક હોસ્પિટલમાં ખસેડાયાં હતા.



વડોદરાના લાલબાગ બ્રિજ નીચે સિકલીગરોના બે જૂથ વચ્ચે જૂના વિવાદના કારણે ફરીવાર ઝઘડોથયો હતો. પરંતુ આ સામાન્ય બોલાચાલીએ થોડી જ વારમાં ઉગ્ર સ્વરૂપ ધારણ કરી લીધુ હતું. ઝઘડા દરમિયાન બંનેના લોકોએ જાહેરમાં તલવારો કાઢી એકબીજા પર હુમલો કર્યો હતો. ત્યારબાદ બે જુથના લોકોએ પથ્થરમારો પણ કર્યો હતો. આ ઘટનાની જાણ થતાં જ પોલીસનો કાફલો તાત્કાલિક સ્થળ પર પહોંચી ગયો હતો અને સ્થિતિને નિયંત્રણમાં લઈ લીધી હતી.

ઘટનાની જાણ થતા પોલીસ તાત્કાલિક ઘટના સ્થળ પર પહોંચી ગઇ હતી અને ઈજાગ્રસ્તોને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડયાં હતા. આ ઘટનાના પગલે પોલીસે ચુસ્ત બંદોબસ્ત પણ ગોઠવી દીધો છે. પોલીસે બંને જુથના લોકોની સામસામે ફરિયાદ લેવાની કાર્યવાહી હાથ ધરી છે.